Extra No. 261

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, JULY 11, 2025 / ASHADHA 20, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૧૪મી મે, ૨૦૨૫ના હુકમ ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૨૨/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૧૫૭/સેક્શન-જ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

ORDER

Under

The Gujarat Panchayats Act, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

હુકમ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૨૦૨૫

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૨૨/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૧૫૭/સેક્શન-જ:- ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૧૬/યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૪૦/પી સેક્શન, કેવી/૨૦૨૫નો ૧૭/યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૪૦/પી સેક્શન, અને કેવી/૨૦૨૫નો ૧૮/યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૪૦/પી સેક્શન-થી, (મહેસાણા જિલ્લાની) ફતેપુરા, રામોસણા, રામોસણા એન.એ. વિસ્તાર, દેડીયાસણ, પાલાવાસણા, હેડુવા રાજગર, હેડુવા હનુમંત અને તળેટી ગ્રામ પંચાયતો, પાલોદર ગ્રામ પંચાયત મહેસૂલ વિસ્તાર, પાંચોટ ગ્રામ પંચાયત મહેસૂલ વિસ્તાર, ગીલોસણ ગ્રામ પંચાયત મહેસૂલ વિસ્તાર, નુગર ગ્રામ પંચાયત મહેસૂલ વિસ્તાર, સુખપુરડા ગ્રામ પંચાયત મહેસૂલ વિસ્તારના સરવે નંબરો, અને લાખવડ ગામના વિસ્તારોને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૧૬/યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૪૦/પી સેક્શનમાં ઉલ્લેખ કર્યા મુજબ "મોટા શહેરી વિસ્તાર" તરીકે નિર્દિષ્ટ કર્યા છે અને મહેસાણા શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરી છે.

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો "મોટા શહેરી વિસ્તાર" હોવાથી, સંબંધિત તાલુકા પંચાયત, મહેસાણા-ના સંબંધિત મત વિસ્તારમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેના મત વિસ્તારનો સદરહુ શહેરી વિસ્તારમાં સંપૂર્ણપણે સમાવેશ કર્યો છે તેવા તાલુકા પંચાયત, મહેસાણા-ના ચૂંટાયેલા પ્રતિનિધિઓના કિસ્સામાં, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, તેઓ, તાલુકા પંચાયત, મહેસાણાના પ્રતિનિધિ હોવાનું બંધ થતાં, તાલુકા પંચાયતના સભ્યો તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા, તાલુકા પંચાયત, મહેસાણાના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનું નક્કી કર્યું છે.

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વિદ્યમાન તાલુકા પંચાયત, મહેસાણાના સભ્યોની સંખ્યા વચગાળાના પગલા તરીકે ૩૨ થી ઘટાડીને ૩૧ કરે છે;

૨. સદરહુ તાલુકા પંચાયતમાંથી બાકાત કરી છે તે તાલુકા પંચાયત, મહેસાણાના, આ સાથે જોડેલી અનુસૂચિના તાલુકા પંચાયત, મહેસાણાના વિસ્તારોની અંદર આવતા, કોલમ (૪)માં નિર્દિષ્ટ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ દર્શાવતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ તાલુકા પંચાયત, મહેસાણાના સભ્યોના હોદ્દા સમાપ્ત કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	જિલ્લા પંચાયતનું નામ	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતના મત વિસ્તારનું નામ અને નંબર	તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧	મહેસાણા	મહેસાણા	૮- દેડીયાસણ	નિરુબેન વસંતભાઈ પટેલ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દર્શન દેસાઈ,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.18 16:15:54 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar